|| શ્રી મહાવીરાય નમઃ ||

શ્રી બનાસકાંઠા પાલનપુર જૈન એસોસિએશન (રજી) ચેન્નઇનું ત્રિમાસિક મુખપત્ર

SHREE BANASKANTHA PALANPUR JAIN ASSOCIATION (Regd.)


# બનાસ મિત્ર


SRI RAMNIKLAL HARILAL MEHTA SEVAKENDRA)

૩૦૨, વૈભવ, ૬૨, ઇ.વી.કે. સંપથ રોડ, ચેન્નઇ - ૬૦૦ ૦૦૭.

9B JVL BUNGALOW, FIRST FLOOR, 25/4, FLOWERSROAD,
KILPAUK, CHENNAI - 600010. Ph : 26412781
E-mail : banas.assn@gmail.com

સંપાદક : રાજેન્દ્ર પરીખ

સહાયક : મુકેશ શાહ
રૂપેશ મહેતા


ॐ कार बिन्दु संयुक्तं नित्यं ध्यायन्ति योगिनः
कामदं मोक्षदं चैव, ॐ काराय नमो नमः ॥


વર્ષ : ૧૯
અંક : ૭૬
તા. ૨૫ જાન્યુઆરી ૨૦૧૪


## સંપાદકીય

પ્રિય વાચક મિત્રો,

શાસનપતિ શ્રી મહાવીર ભગવાનનું નિર્વાણ કલ્યાણક શ્રી વિખ્યાત શ્રી દિપાવલી મહાપર્વ અને લબ્ધિ નિધાન ગુરૂ ગૌતમ સ્વામીજીને કેવળજ્ઞાનના દિવ્ય કિરણોથી પ્રકાશિત નુતન વર્ષ આપ સૌને સર્વ પ્રકારે સુખ શાંતિ મય બની આત્મ કલ્યાણકારી બને તેવી શુભેચ્છા.

સંસ્થામાં લોક કલ્યાણ અર્થે માનવ સેવાના કાર્યો રાબેતા મુજબ નિયમીત ચાલી રહયા છે. દિવાળી પ્રસંગ હોઇ અનાજના કાર્ડ હોલ્ડરોને સ્પેશીયલ હેપ ટોપ બેગ વિતરણ કરવામાં આવી છે.

અન્ય માનવ સેવાના પ્રોજેકટો હેલ્થ-ચેકઅપ, આઇ ચેકઅપ, તથા મેડીકલ સહાય, કેટરેકટ (મોતીયા) ના ઓપરેશન કેમ્પો-નિયમીત દાતાઓના સહયોગથી ચાલી રહયા છે.

## સંસ્થાના પ્રોજેકટ સમાચાર

નીચે મુજબ સંસ્થામાં ચાલતા માનવસેવાના કાર્યોમાં ઓકટોબર -નવેમ્બર-ડીસેમ્બર ૨૦૧૩ આન્ધ્રપ્રદેશના સુલુરપેઠ ગામમાં શ્રી શીરડી સાંઇબાબા સમિતિ, શ્રી સત્ય સાંઇ પ્રેમી સમિતિ તથા તામીલનાડુના ચેન્નાઇ શહેરની આજુબાજુ ગ્રામ્ય વિસ્તારમાં શ્રી ગોવીંદ સેવા સંગમ સમિતિ, મુક્તિ ફાઉન્ડેશન, ટેન્કર ફાઉન્ડેશન, શ્રી જૈન મેડીકલ રીલીફ સોસાયટી, ડાયાલીસીસ સેન્ટર, લોટસ બ્લાઇન્ડ વેલફેર, શ્રી ગુજરાતી સ્થાનકવાસી જૈન એસોસિએશન સી.યુ. શાહ ભવન, કે.આઇ.એમ. લાયન્સ આઇ હોસ્પીટલ તામીલનાડું જૈન મહામંડળ તથા શ્રી જૈન મહાસંઘના ઉત્સાહી કાર્યકર્તા ભાઇઓના સહયોગથી સેવાના કાર્યો ચાલે છે. સંસ્થા તેઓની આભારી છે.

### ૧. શ્રી આર જે. મહેતા મુંબઇ સંચાલિત અનાજ વિતરણ પ્રોજેકટ

આ પ્રોજેકટમાં નીચે પ્રમાણે અનાજ વિતરણ કરવામાં આવ્યું છે.

૧) આન્ધ્ર પ્રદેશના સુલુરપેઠ તથા તામીલનાડુના મેડમ્બાકમ, પુન્ડી બજાર, મહાલક્ષ્મી નગર, અમ્બતૂર ગામોમાં ૮૫૦ કુટુંબોને ચોખા તથા દાળ આપવામાં આવી છે.

૨) શ્રી જૈન મહાસંઘ ચેન્નાઇના સહયોગથી ૧૦૦૦ કુટુંબોને દર મહિને તેમને અપાતા રેશનમાં આપણી સંસ્થા તરફથી બે કિલો ચોખા આપવામાં આવ્યા છે.

ઉપર પ્રમાણે અનાજ વિતરણનો ટોટલ ખર્ચ રૂા. ૪,૨૩,૮૮૦/- થયો છે.

## PROJECTS

A detailed Report of our Association's Projects.

We have various on going service projects running in Chennai and surrounding suburbs: Chengallapattu, Thiruvallur and Kancheepuram districts in Tamil Nadu, Pondicherry and Sulurpet, Andhra Pradesh. Our Associate organizations include Shree Govinda Seva SangamSamiti, Shree Tamil Nadu Jain Maha Mandal, Shree Shirdi Sai Baba Samiti, Shree Jain Mahasangh, MUKTI, TANKER Foundation, Shree Jain Medical Relief Society, Dr. Mohan Kameswaran of Madras ENT Research foundation P. Ltd., Lotus Blind Welfare Trust of India, Shree G.S.S C.U.Shah Bhavan, Lions Eye Hospital and other individuals. Our Charitable and Manav seva Projects are carried out with the help andco-operation of these service organizations We are pleased to give a brief report on our various Manav Seva activities during the months of October toDecember 2013.

### 1 SHRI R.J. MEHTA GRAIN DISTRIBUTION PROJECT

1) In the villages of Sulurpet, Medambakkam, Poondy Bazar, Mahalakshmi Nagar and Ambattur 10kgs of rice and dal was distributed each month to 850 families.

2) Also, 2 kgs of rice was given to 1000 families through Shree Jain Mahasangh, Chennai. The expenditure in this project came to Rs.4,23,880.00 and

આ ખર્ચ શ્રી શૈલેષભાઇ આર. મહેતા મુંબઇ તથા શ્રી દીપકભાઇ મોદી મુંબઇના દાનની રકમથી આવે છે.

## ૨. શ્રી નગીનદાસ રેવચંદભાઇ જોગાણી મેડીકલ રીલીફ પ્રોજેકટ

આ પ્રોજેકટમાં તામીલનાડુંના કરકુ, પુડુર, આયપાક્કમ, આવડી, ગામોમાં ચાલતા દવાખાનાઓમાં ૬૧૩૮ દર્દીઓને દવાઓ આપવામાં આવી છે.

## ૩. શ્રી રજનીકાંત મણીલાલ મહેતા અનાજ વિતરણ પ્રોજેકટ

આ પ્રોજેકટમાં સંસ્થાના મકાન વૈભવ સેવા કેન્દ્રમાં ૧૦૦ કુટુંબોને છ કિલો ઘઉં તથા ચાર કિલો ચોખા, ૧ કિલો ખાંડ, ૧ કિલો દાળ, ૧/૨ લીટર તેલ દર મહિને વિતરણ કરાય છે. દિવાળી પ્રસંગ હોઇ ચણાનો આટો, ખાંડ, ગોળ વધારે આપાઇ છે. લેપટોપ સ્પેશીયલ બેગ કુટુંબ દીઠ આપવામાં આવી છે.

## ૪. શ્રીમતી લીલાબેન કાંતિલાલ કાળીદાસભાઇ મહેતા ચશ્મા વિતરણ પ્રોજેકટ

આ પ્રોજેકટમાં સંસ્થામાં ચાલતા મેડીકલ હેલ્થ ચેકઅપ આઇ કેમ્પમાં ચશ્મા ૫૫૪ વિતરણ કરવામાં આવ્યા છે.

## ૫. શ્રી મહેન્દ્રભાઇ નગીનદાસ જોગાણી હીયરીંગ એઇડ પ્રોજેકટ

આ પ્રોજેકટમાં સેવાભાવી સમિતિઓની ભલામણ તથા જનરલ કેમ્પોમાં મદ્રાસ રીસર્ચ ફાઉન્ડેશન મંદવલી, ચેન્નાઇના ડો. મોહન કામેશ્વરનના સહયોગથી ૬ હીયરીંગ એઇડ (શ્રવણયંત્ર) આપવામાં આવ્યા છે.

## ૬. શ્રી કાંતિલાલ કાળીદાસ મહેતા કેટરેકટ પ્રોજેકટ

આ પ્રોજેકટમાં સંસ્થામાં ચાલતા આઇ કેમ્પોમાં તામીલનાડુંના આરની, આવડી, કામરાજ નગર, મેનબેડુ, બજાનગર, કલપાકમ, કાલીકુપ્પમ, શીતલામ ગામમાં સેવાભાવી સમિતિ ઓની દેખરેખ નીચે ૧૮૩૫ દર્દી ઓને તપાસ્યા પછી ૧૩૯ કેટરેકટ (મોતીયો) ના ઓપરેશન સારામાં સારી હોસ્પીટલમાં કરાવવામાં આવ્યા છે.

## ૭. મેસર્સ નોબલ હાર્ડવેર માર્ટ શિવણ શિક્ષણ પ્રોજેકટ

આ પ્રોજેકટમાં તામીલનાડુના કોરાત્તુર, અમ્બતુર ગામોમાં ગામની સેવાભાવી સમિતિની દેખરેખ નીચે ૭૦ બહેનો શિવણ કલાસમાં શિવણકામ શીખે છે.

## ૮. શ્રી રમણીકલાલ હરીલાલ મહેતા સેવાકેન્દ્ર (વૈભવ) સંસ્થાનું મકાન

સંસ્થાના મકાન (વૈભવ) સેવા કેન્દ્રમાં બહારગામથી આવતા દર્દીઓ માટે બેડરૂમ, હોલ, રસોડું, તથા પથારી સેટ, વાસણો વગેરેની વ્યવસ્થા છે. દર મહિનાની ૬ તારીખે ૧૦૦ કુટુંબને અનાજ વિતરણ તથા સંસ્થાની વાર્ષિક મીટીંગ (AGM) તથા કમીટી મીટીંગ પણ આ સેવા કેન્દ્ર થાય છે.

this is entirely coveredby donations from Shri Saileshbhai R Mehta, Mumbai and Shri Deepakbhai Modi, Mumbai.

## 2 SHRI NAGINDAS REVCHANDBHAI JOGANI MEDICAL RELIEF PROJECT

Medicines and medical assistance was given to 6,138 patients at regular medical camps being conducted in the villages of Karakku, Pudur, Ayyapakkam and Avadi

## 3 SHRI RAJNIKANT MANILAL MEHTA GRAIN DISTRIBUTION (VAIBHAV) AT SEVA KENDRA

Each month, at our Seva Kendra, 100 families were given 4 kg rice, 6 kg wheat, a kilogram each of sugar and dal and a half litre of cooking oil during each. month in this quarter. During Diwali extra Grain item and laptop special bag is given to each family

## 4 SMT LEELABEN KANTILAL KALIDASBHAI MEHTA SPECTACLES DISTRIBUTION PROJECT

During this period, 554 spectacles were distributed at medical and eye check up camps to needy persons

## 5 SHRI MAHENDRABHAI NAGINDAS JOGANI HEARING AID PROJECT

After a thorough audiometry check up by Dr. Mohan Kameswaran of Madras ENT Research foundation P. Ltd., six hearing kits were distributed to deserving patients.

## 6 SHRI KANTILAL KALIDAS MEHTA CATARACT PROJECT

Eye Screeing camps were conducted at Arani, Avadi, Menambedu, Bazar Nagar, Kamaraj Nagar, Kalpakkam, Kalikuppam and Sheetalaam. At these camps, 1,835 patients were screened of whom 139 patients were referred for cataract surgery at good hospitals.

## 7 M/s. NOBLE HARDWARE MART LEARN AND EARN PROJECT

Seventy Women students are imparted training in tailoring classes being regularly conducted in Korattur and Ambattur.

## 8 SHRI RAMNIKLAL HARILAL MEHTA SEVA KENDRA (VAIBHAV) - OUR PREMISES.

Accomodation for visiting patients and the facility of a bed room, living room and kitchen with utensils is provided at our premises. Each month, grain is distributed to 100 families here. Our Committee and Annual GeneralMeetings are also conducted here.

## ૯. શ્રીમતી સુનંદાબેન નાનલાલ મહેતા આર્ટીફીશીયલ લીમ્બ પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટમાં મુક્તિ ફાઉન્ડેશનની સંસ્થાના સહયોગથી ૭ વિકલાંગોને આર્ટીફીશીયલ લીમ્બ (પગ) તથા ૧ કેલીપર આપવામાં આવ્યા છે.

## ૧૦. શ્રીમતી ચંદુલાલ રાયચંદભાઇ મહેતા સ્પોર્ટસ પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટમાં તામીલનાડુના આજુબાજુના ગામો આયાપ્પાક્કમ, આવડી, મેનબેડું સ્કુલોના વિદ્યાર્થીઓની રમત ગમત હરીફાઇનું આયોજન કરી વિજેતાઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યા. ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને નાસ્તો અપાય છે.

## ૧૧. શ્રી ચીમનલાલ લક્ષ્મીચંદ પરીખ ધાબળા વિતરણ પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટમાં તામીલનાડુના તીરૂવલ્લુર તથા ચીંગલપેઠ ડિસ્ટ્રીકમાં સેવભાવી સમિતિઓના સહયોગથી ૪૦૦ ધાબળા વિતરણ કરાયા છે.

## ભગવાન મહાવીર માનવ સેવા

ઉપરના પ્રોજેક્ટ સિવાય લોક કલ્યાણ અર્થે માનવ સેવાના ઉત્તમ કાર્યો ચાલી રહયા છે. તેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

### ૧. કમ્પ્યુટર સેન્ટર

આ સેવામાં તામીલનાડુના તીરૂવલ્લુર ડીસ્ટ્રીક્ટમાં કોરાત્તુર, અમ્બતુર, આવડી, આયાપ્પાક્મ, કાલીકુપ્પમ ગામોમાં શ્રી ગોવીંદ સેવા સંગમ સમિતિની દેખરેખ નીચે દર મહિને ૧૨૦ વિદ્યાર્થીઓને ટ્રેનીંગ અપાય છે. તથા અમ્બતુર ગામમાં વિકલાંગોને પણ કમ્પ્યુટર ટ્રેનીંગ અપાય છે.

### ૨. વૃધ્ધાશ્રમ

આ સેવામાં તામીલનાડુ ના ક્રોમપઠ પાસે રાધાનગરના વૃધ્ધાશ્રમમાં ૩૬ મહિલાઓ આશ્રય લે છે. આનંદમ અને પ્રેમી સાંઇ વૃધ્ધાશ્રમ અમ્બતૂર તથા રકતપીત આશ્રમમાં દરમ મહિને ૧૦૦ કિલો અનાજ અપાય છે. આપણી સંસ્થા દર મહિને તેમને સહાયરૂપ બને છે. સેલ્વી મેમોરીયલ સોસાયટી (વૃધ્ધાશ્રમ) ને ૫૦ કિલો ચોખા તથા લીટલ ડ્રીપ વૃધ્ધાશ્રમમાં ૫૦ કિલો ચોખા અને અન્બગમ મેન્ટલ એસોસિએશનને દર મહિને ૧૦૦ કિલો ચોખા આપી સહાયરૂપ થઇએ છીએ.

### ૩. ઠંડા પાણીના પરબ

આ સેવામાં પીવાના ઠંડા પાણીના પરબ અમ્બતૂર ઓટી બસ સ્ટેન્ડ પાસે જાહેર જનતા માટે તથા બીજી પરબ શ્રી સત્ય સાંઇ સ્કૂલ અમ્બતૂરમાં વિદ્યાર્થીઓ માટે મુકાયેલી છે.

### ૪. લોટસ બ્લાઇન્ડ વેલફેર ટ્રસ્ટ

આ સેવામાં લોટસ બ્લાઇન્ડ વેલફેર ટ્રસ્ટ ઓફ ઇન્ડીયા ચેન્નઇ હોસ્ટેલમાં ૩૫ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીનીઓ આશ્રય લે છે. આ હોસ્ટેલના ખર્ચામાં રસોડાનું અનાજ તથા ફ્રુટ અપાય છે. એમા ટોટલ રૂા. ૮૫૨૨૯/- ખર્ચ થયો છે.

ઉપરોક્ત પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીનીઓના આશ્રમનો ખર્ચ શ્રી શૈલેષભાઇ આર. મહેતા મુંબઇ તરફથી દાનની રકમથી મળે છે.

## 9 SMT. SUNANDABEN NANALAL MEHTA ARTIFICIAL LIMB PROJECT

During this period, seven artificial limbs and one caliper set was donated to needy persons through Mukti.

## 10 SHRI CHANDULAL RAICHAND MEHTA SPORTSPROJECT

Sports day was organized in schools in the villages of Ayyapakkam, Avadi, and Menambedu. Winners were awarded prizes and all the participants were given refreshments.

## 11 SHRI CHIMANLAL LAKSHMICHAND PARIKH BLANKET DISTRIBUTION PROJECT.

During this quarter, 400 blankets were distributed through volunteers of our Associate Samiti members in the districts of Thiruvallur and Chenglepet.

## BHAGWAN MAHAVIR MANAV SEVA

The following humanitarian service activities were carried out during this period.

### 1 Computer Centre.

Computer training is being imparted at a centres in Korattur, Ambattur, Ayyapakkam, Avadi, Enore, Kalikippam and Menambedu free of charge for 120 students under the supervision of trained Computer Teachers. In Ambattur, certain physically challenged persons are also imparted computer training.

### 2 Old Age Home.

At an old age home in Radhanagar, Chrompet, 36 old ladies and 5 orphan children are being looked after.

We also provide support for the inmates of Anandam Old Age Home and Premi Sai Old Age Home inAmbattur. 100 kg rice was given to a leprosy home each month. 50 kg rice was given each month to Selvi Memorial Society Old Age Home, 50 kgs rice to Little Drip Old Age Home and 100 Kg rice to Anbagam Mental Asylum. Our Association supports this expenditure every month.

### 3 Water Booth

Water coolers cum purifiers have been installed atAmbattur OT Bus Stand for the general public and at Sri Satya Sai School, Ambattur. The cost of maintaining these is borne by our Association.

### 4 Hostel for the Blind

Lotus Blind welfare Trust of India runs a hostel for blind girl students. To manage the day to day needs of the 35 inmates, expenditure on kitchen and fruit expenses are borne by our Association. A sum of Rs.85,229 .00 was spent during this period. Donations received from Sri Saileshbhai R Mehta, Mumbai, covers this expenditure.

## ૫. ડાયાલીસીસ સેવા

આ સેવામાં ટેન્કર ફાઉન્ડેશન દ્વારા ૧૮ ડાયાલીસીસ કરાવવામાં આવ્યા છે. તથા શ્રી જૈન મેડીકલ રીલીફ સોસાયટીના શ્રી ખીવરાજ ચોરડીયા મેમોરીયલ ડાયાલીસીસ સેન્ટરમાં ૧૫ ડાયાલીસીસ કરાવ્યા છે. આમ ટોટલ ૩૩ ડાયાલીસીસ કરાવવામાં સહાયરૂપ થયા છીએ.

## ૬. સ્કૂલ શિક્ષણ સહાય સેવા

(૧) આ સેવામાં શ્રી સત્ય સાંઇ પ્રાયમરી સ્કૂલ અમ્બતૂરની સ્કૂલમાં ૧૨૫ વિદ્યાર્થીઓ ભણે છે. આપણી સંસ્થા દર મહિને આર્થિક સહાયરૂપ બને છે.

(૨) સ્કુલ બેગ ક્રોમપેઠ પાસે રાધાનગરના વૃધ્ધાશ્રમમાં ગરીબ બાળકો ભણવા આવે છે. તેમને ૫૦ સ્કુલ બેગ વિતરણ કરવામાં આવી છે.

## ૭. ફ્રી મેડીકલ સહાય

શ્રી ગુજરાતી સ્થાનકવાસી જૈન એસોસિએશન સી.યુ. શાહ ભવન ક્લીનીકમાં ૩૬ દર્દીઓને દવાઓ તથા મેડીકલ સહાય આપવામાં આવી છે.

## ૮. ગ્રામ સેવા – નારાયણ સેવા – જન સેવા

### (૧) નારાયણ સેવા (ભોજન) :-

તામીલનાડુના આયપ્પાક્કમ ગામમાં સમિતિના સહયોગથી ૨૫૦ થી ૩૦૦ ગ્રામજનોને ભોજન આપવામાં આવ્યું. તીરૂવરકાડ ગામમાં ૨૫૦ ગ્રામજનોને ભોજન આપવામાં આવ્યું. શ્રી સત્ય સાંઇ સ્કૂલ અમ્બતૂરમાં મહિનામાં બે વખત ૨૫૦ વિદ્યાર્થીઓને ભોજન આપવામાં આવ્યું. પ્રેમી સાઇ વૃધ્ધાશ્રમ અમ્બતૂર ગામમાં મહિનામાં બે વખત ભોજન આપવામાં આવ્યું. આમ ટોટલ ૮૨૦ ગ્રામજનોને ભોજન આપવામાં આવ્યું.

તામીલનાડુના મેડમ્બાક્કમ ગામના ગરીબ વિસ્તારમાં ૪૦૦ ગ્રામજનોને ભોજન દર મહિને આપવામાં આવે છે. વેંકટપુરમ (અમ્બતૂર) બસ સ્ટેન્ડ પાસે ૨૦૦ ગરીબ ગ્રામ જનોને શ્રી સત્ય સાંઇ મંદિરમાં દર મહિને ભોજન અપાય છે. ટોટલ ૧૪૨૦ ગ્રામ જનોને ભોજન અપયા છે.

### (૨) સાધારણ કુટુંબોને સહાય :-

પોન્ડીચેરી પાસે પ્રોમીસ ગામમાં ૨૦ સાધારણ કુટુંબોને ૧૦ કિલો ચોખા દર મહિને આપવામાં આવે છે.

ચેન્નેઇના માધાવરમ જૈન કોલોનીમાં રહેતા ૬૦ સાધર્મિક પરિવારોને દરમ મહિને પાંચ કિલો ઘઉં આપવામાં આવે છે.

ઓરીપાક્કમ ગામની કોલોનીમાં ૬૪ કુટુંબોને દરમહિને ૩ કિલો ચોખા આપવાનું શરૂ કરેલ છે.

### (૩) નિત્ય નારાયણ સેવા મધ્યાન્હ ભોજન :-

શ્રી સત્ય સાંઇ ઇન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન નીમલીચેરી (ક્રોમપેઠ) ની સ્કૂલોમાં એક અઠવાડીયામાં સોમવારથી શુક્રવાર સુધી પાંચ દિવસ મધ્યાન્હ ભોજન ૨૫૦ વિદ્યાર્થીઓ તથા ૫૦ શિક્ષકો સ્ટાફ મળીને ૩૦૦ ને ભોજન અપાય છે.

## દિવાળી પ્રસંગે સપ્રેમ ભેટ :-

આપણી સંસ્થામાં ચાલતા અનાજ વિતરણ પ્રોજેક્ટ તથા શ્રી જૈન મહાસંઘ તથા આન્ધ્ર પ્રદેશના સુલુરપેઠ ગામમાં તથા માધાવરમ કોલોનીમાં દિવાળી પ્રસંગે ૨૧૦૦ લેપટોપ બેગ ભેટ આપવામાં આવી છે.

## 5 Dialysis Treatments

Diuring this period our Association has supported 18 dialysis treatments through TANKER Foundation and 15 through Jain Medical Relief Society at Khivraj Chordia memorial Dialysis Centre. In all 33 dialysis treatments were provided during this period.

## 6 School Educational Assistance Project.

a. Financial support is provided to Sri Sathya Sai Primary School, Ambattur wherein 125 students are enrolled.

b. At the old age home in Radha nagar, Chrompet students of poor families come for tuitions. 50 such students were gifted school bags.

## 7 Subsidized Medical Relief.

Based on a tie up with the diagnostic clinic at Shree GSS C U Shah Bhavan, Chennai the cost of basic diagnostic and medical consultation has been subsidized for registered beneficiaries. On production of the ' Cashless Medical Benefit Card ' the entire 36 families can avail free or subsidized medical treatment.

## 8 Gram Seva - Narayan seva - Jan Seva

a. 250 to 300 persons at Ayyapakkam grain distribution centre were provided with a delicious m e a l each month. 250 persons were provided meals at Thiruverkadu each month. At Ambattur, 125 school students were provided a meal on two days each month. The 35 inmates of Premi Sai old age home in Ambattur were provided a meal on two days of each month. In Madambakkam area 400 persons were provided a meal each month. 200 personswere provided a meal each month at Sri Sathya Sai temple in Venkatpuram Ambattur. A total of 1,420 meals are provided to such persons each month.

b. 10 kg rice is given to 20 poor families in Promesse village near Pondicherry. 60 families living in Madhavaram Jain Colony were provided 5 kgs wheat each month. Since February 2013, 64 families living in a colony in Auripakkam are being given 3 kg rice each month.

c. Nitya Narayan Seva or Noon Meal. Our Association has comitted to provide a nutritious noon meal to all 250 students and 50 and staff of Sri Sathya Sai Institute of Educare, Nemillichery, Chrompet a suburb of Chennai on five days per week.

## s. Diwali gift:

At our grain distribution centres at our own premises, Shree Jain Mahasangh, Sulurpet-Andhra Pradesh and at Madhavaram Jain Colony we have gifted 2,100 laptop bags to the beneficieries.

## જનરલ હેલ્થ ચેકઅપ તથા આઇ ચેકઅપ કેમ્પોનું આયોજન : માનવ સેવા

તામીલનાડુના આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં શ્રી ગોવીંદ સેવા સંગમ સમિતિના સહયોગથી નીચે જણાવેલ ગામોમાં જનરલ મેડીકલ હેલ્થ ચેકઅપ અને ઇ.એન. ટી. ચેકઅપ, સ્કૂલના વિદ્યાર્થીઓનું હેલ્થ ચેકઅપ. આ પ્રમાણે કેમ્પોનું આયોજન કરી જરૂરીઆતમંદ દર્દીઓને દવાઓ, મેડીકલ સહાય, હીયરીંગ એઇડ, ચશ્મા તથા મોતીયાના દર્દીઓને સારી હોસ્પિટલમાં ઓપરેશન માટે લઇ જવામાં આવે છે. વિકલાંગને વ્હીલચેર / ટ્રાઇસાયકલ, વિદ્યાર્થીઓ માટે સ્પોર્ટસનું આયોજન, કેમ્પમાં આવનાર તમામ ગ્રામ્યજનોને જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

| તારીખ | ગામનું નામ કેમ્પોનું આયોજન | દર્દીઓ |
|---|---|---|
| ૨-૧૦-૧૩ | આઇકેમ્પ-મેનમબેડું | ૨૪૯ |
| ૪-૧૦-૧૩ | આઇ કેમ્પ-આવડી સ્કૂલમાં | ૭૯૦ |
| ૧૩-૧૦-૧૩ | આઇ કેમ્પ-કામરાજ નગર | ૧૦૩ |
| ૧૩-૧૦-૧૩ | જનરલ ચેકઅપ-કૃષ્ણકરની જૈન ટેમ્પલ મ્યુઝીયમ | ૧૪૭ |
| ૧૦-૧૧-૧૩ | આઇ કેમ્પ-કામરાજ નગર | ૭૨ |
| ૧૦-૧૧-૧૩ | આઇ કેમ્પ-આરની | ૬૫ |
| ૧૭-૧૧-૧૩ | આઇ કેમ્પ-સત્તાતૂર | ૯૭ |
| ૨૪-૧૧-૧૩ | આઇ કેમ્પ-સોનમબુકલમ | ૭૬ |
| ૨૪-૧૧-૧૩ | જનરલ ચેકઅપ-કૃષ્ણકરની જૈન ટેમ્પલ મ્યુઝીયમ | ૧૩૪ |
| ૧૫-૧૨-૧૩ | આઇ ચેકઅપ આરની | ૭૮ |
| ૮-૧૨-૧૩ | આઇ ચેકઅપ કામરાજ નગર | ૮૦ |
| ૨૨-૧૨-૧૩ | જનરલ હેલ્થ ચેકઅપ મેનમ બેડું | ૨૯૦ |
| ૨૨-૧૨-૧૩ | જનરલ હેલ્થ ચેકઅપ કૃષ્ણ કરની જૈન ટેમ્પલ મ્યુઝીયમ | ૧૧૩ |

## General Medical Checkup & Eye Checkup Camps.

Health and General Medical camps are being conducted regularly at various villages. Patients are screened and provided medicines; hearing aid kits, wheel chair, artificial limbs and crutches to the diabled. Clothes are also distributed.Sports competition for children are conducted and winners awarded prizes. Details as under:

| Date | Camp Place | Patients |
|---|---|---|
| 02.10.2013 | Eye Camp Menambedu | 249 |
| 04.10.2013 | Eye Camp Avadi School | 190 |
| 13.10.2013 | Eye Camp Kamaraj Nagar | 103 |
| 13.10.2013 | General Check upShree Jain Temple & Museum ECR | 147 |
| 10.11.2013 | Eye Camp Kamaraj Nagar | 72 |
| 10.11.2013 | Eye Camp Aarani | 65 |
| 17.11.2013 | Eye Camp Ambattur | 97 |
| 24.11.2013 | Eye Camp Sonambukalam | 76 |
| 24.11.2013 | General Check up Shree Jain Temple & Museum ECR | 134 |
| 15.12.2013 | Eye Camp Aarani | 78 |
| 08.12.2013 | Eye Camp Kamaraj Nagar | 80 |
| 22.12.2013 | General Check up Menambedu | 290 |
| 22.12.2013 | General Check up Shree Jain Temple & Museum ECR | 113 |

## શુભ સમાચાર

શ્રીમતી ગુણવંતીબેન તથા શ્રી દિનેશચંદ્ર શાહની સુપૌત્રી અને શ્રીમતી નંદીતાબેન તથા શ્રી સંજીવકુમારની સુપુત્રી ચિ. આરતી ના શુભ લગ્ન ચિ. દિપક સેન્થીલ સાથે તા. ૧૫ નવેમ્બર ૨૦૧૩ને શુક્રવારે ચેન્નઇ મુકામે થયા છે. અમારી શુભ કામના...

શ્રીમતી સુભદ્રાબેન અને શ્રી શાંતિલાલ શાહની સુપૌત્રી તથા શ્રીમતી પ્રિયાબેન તથા શ્રી મહેન્દ્રભાઇ શાહની સુપુત્રી ચિ. પુજલ ના શુભ લગ્ન શ્રીમતી પ્રેમીલાબેન તથા શ્રી લક્ષ્મીનારાયણ કાકડાના સુપૂત્ર ચિ. રવી સાથે લોનાવલા મુકામે તા. ૧૯ નવેમ્બર ૨૦૧૩ને મંગળવારે થયા છે. અમારી શુભ કામના....

શ્રીમતી ગંગાબેન તથા શ્રી મગનલાલ શાહની સુપૌત્રી અને શ્રીમતી રેખાબેન તથા શ્રી અશોકભાઇ શાહની સુપુત્રી ચિ. આશિતા ના શુભ લગ્ન શ્રીમતી ચંદ્રાબેન તથા શ્રી ભરતકુમારજી કોઠારીના સુપૂત્ર ચિ. પ્રદિપજી સાથે તા. ૬ ડીસેમ્બર ૨૦૧૩ને શુક્રવારે મંડાર મુકામે થયા છે. અમારી શુભ કામના...

શ્રીમતી ગુણવંતીબેન તથા શ્રી દિનેશભાઇ શાહની સુપૌત્રી અને શ્રીમતી સંગિતાબેન તથા શ્રી સંદિપકુમાર શાહની સુપુત્રી ચિ. શ્રધ્ધા ના શુભ લગ્ન શ્રીમતી નીલમબેન તથા શ્રી સુરેશભાઇ માલવાનીયાના સુપૂત્ર ચિ. ગૌરવ સાથે તા. ૧૨ ડીસેમ્બર ૨૦૧૩ને ગુરૂવાર ચેન્નઇ મુકામે થયા છે. અમારી શુભ કામના.....

શ્રીમતી ધનલક્ષ્મીબેન અને શ્રી નવીનચંદ્ર શાહની સુપૌત્રી અને શ્રીમતી હર્ષાબેન તથા શ્રી સુનીલકુમાર શાહની સુપુત્રી ચિ. રીચા ના શુભ લગ્ન શ્રીમતી પુર્ણિમાબેન તથા શ્રી પીયુષભાઇ કાપડીયાના સુપૂત્ર ચિ. સીનીત સાથે તા. ૧૨ ડીસેમ્બર ૨૦૧૩ને ગુરૂવારે અમદાવાદ મુકામે થયા છે. અમારી શુભ કામના....

શ્રીમતી કંચનબેન અને શ્રી કાન્તિલાલભાઇ ના સુપૌત્ર અને શ્રીમતી બીનાબેન તથા શ્રી મુકેશ શાહના સુપુત્ર ચિ. ગૌરવ ના શુભ લગ્ન શ્રીમતી સુશીલાદેવી અને શ્રી ભાગચંદજીની સુપુત્રી ચિ. સ્વાતિ સાથે તા. ૧૮ જાન્યુઆરી ૨૦૧૪ના શનિવારે ચેન્નઇ મુકામે થયેલ છે. અમારી શુભ કામના.

## સાભાર સ્વીકાર

છેલ્લા ઓક્ટોબર - નવેમ્બર - ડીસેમ્બર ૨૦૧૩ માસમાં સંસ્થામાં ચાલતા માનવ સેવાના જુદા જુદા પ્રોજેક્ટોને સહાયરૂપ નીચે મુજબના દાનવીરો તરફથી દાનની રકમ મળેલ છે. સંસ્થા દાતાઓનો આભાર પ્રગટ કરે છે.

| | |
|---|---|
| શ્રીમતી સોભીયાબેન રાકેશભાઇ ગાંધી, મુંબઇ | રૂા. ૨,૫૦,૦૦૦/- |
| મેસર્સ આરક્ષા ડાયમંડ, મુંબઇ | રૂા. ૨,૫૦,૦૦૦/- |
| શ્રી હેમંતભાઇ વસંતભાઇ દેસાઇ, મુંબઇ | રૂા. ૫૦,૦૦૦/- |
| (હ: શ્રી શૈલેષભાઇ આર. મહેતા, મુંબઇ) | |
| મેસર્સ મહેતા બ્રધર્સ, ચેન્નઇ | રૂા. ૫૦,૦૦૦/- |
| (હ. શ્રીમતી તરૂલતાબેન રૂપાણી), ચેન્નઇ | |
| શ્રીમતી પુષ્પાવતીબેન એન., ચેન્નઇ | રૂા. ૫૦,૦૦૦/- |
| મેસર્સ મહેશ એજેન્સીસ, ચેન્નઇ | રૂા. ૩૦,૦૦૦/- |
| (હ. શ્રી સુદેશભાઇ શાહ, ચેન્નઇ) | |
| શ્રીમતી મૃદુલાબેન એસ. મહેતા, ચેન્નઇ | રૂા. ૨૧,૦૦૦/- |
| મેસર્સ કાંતિલાલ ધુપેલીયા ચે. ટ્રસ્ટ, કોલકત્તા | રૂા. ૨૫,૦૦૦/- |
| શ્રી ગૌરવકુમાર મુકેશભાઇ શાહ, ચેન્નઇ | રૂા. ૨૫,૦૦૦/- |
| મેસર્સ સંગોઇ કેમીકલ, ચેન્નઇ | રૂા. ૨૫,૦૦૦/- |
| મેસર્સ નંદલાલ વાડીલાલ મહેતા ચે. ટ્રસ્ટ, ચેન્નઇ | રૂા. ૧૨,૦૦૦/- |
| મેસર્સ આર. ટી. સન્સ, ચેન્નઇ | રૂા. ૧૫,૦૦૦/- |
| મેસર્સ ક્રીયેટીવ જ્વેલર્સ, ચેન્નઇ | રૂા. ૧૧,૦૦૦/- |
| શ્રી અર્જુનભાઇ આર. મહેતા, ચેન્નઇ | રૂા. ૧૦,૦૦૦/- |
| મેસર્સ ગીવ એન્ડ ટેક ઇન્ડીયન નોવેલ્ટી, ચેન્નઇ | રૂા. ૫,૦૦૦/- |
| શ્રી રાજેન્દ્રભાઇ પી. પરીખ, ચેન્નઇ | રૂા. ૫,૦૦૦/- |

## દુ:ખદ સમાચાર

શ્રી મહાસુખલાલ શાહની ધર્મપત્નિ તથા શ્રી જયવંતભાઇ, શ્રી પંકજભાઇ, શ્રી દિપકભાઇ ના માતુશ્રી શ્રીમતી લલીતાબેન તા. ૨૯ ડીસમ્બર ૨૦૧૩ને રવિવારે ચેન્નઇ મુકામે ગુજરી ગયા છે. તેમના આત્માને ખૂબ શાંતિ અર્પે તેવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

## ચેન્નઇ સમાચાર

આરાધના ભવનમાં બિરાજીત પ.પૂજ્ય આચાર્યદેવ શ્રી અજીતશેખરજી મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી કેસરવાડી તીર્થમાં સુંદર રીતે ઉપધાન થયેલ. ઉપધાનની માળા રવિવારે તા. ૫-૧-૨૦૧૪ ના ખૂબજ સુંદર રીતે થયેલ.

પુરૂષવાક્કમમાં પેરમ્બૂર બેરેક્સ રોડમાં સાઇ શ્રેષ્ઠા એપાર્ટમેન્ટમાં નાનકડું સુંદર મંદિર બનાવવામાં આવેલ છે. પ.પૂ. આચાર્યદેવ શ્રી અજીત શેખરજી મ.સા.ની પાવન નિશ્રામાં ખૂબજ ધામધુમથી તા. ૭-૧૨-૧૩ ના ભવ્ય પ્રતિષ્ઠા કરાવવામાં આવેલ.

માધાવરમમાં જૈન કોલોની પ.પૂ. આચાર્યદેવ શ્રી અજીતશેખરજી મ.સા. ની પુનિત પ્રેરણાથી એક સુંદર નાનકડું મંદિર બનાવવામાં આવ્યું છે. મૂળનાયક શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાન છે.

સંપૂર્ણ લાભ આપણા સભ્ય શ્રી કાન્તિલાલ નગીનદાસ શાહ પરિવાર થરા એ લીધેલ છે. મંદિરની પ્રતિષ્ઠા શુક્રવાર તા. ૧૭-૧-૨૦૧૪ ના પ્રાત: કાળે શુભ મુર્હુતમાં ખૂબજ સુંદર રીતે થયેલ.

## Minority Status For Jain

૧૯૫૦ થી જૈનોનો એક વર્ગ લાગલગાટ ડીમાન્ડ કરી રહ્યો હતો કે જૈનો અલ્પસંખ્યક (Minority) છે. માટે એમણે Minority ઘોષિત કરવા જોઇએ, ઘણી કોશિશ કરવાં છતાં હમણાં સુધી આ કાર્ય થયું નહતું. હવે આ કાર્ય પૂર્ણ થઇ ગયેલ છે. 'અલ્પ સંખ્યક' જાહેર થવાથી જૈનોને ધર્મ સ્થળેથી રક્ષા કરવામાં સારો ફાયદો મળશે.

The Jain community, in seeking the minority status at the National level, is not asking for any reservations such as those available to the Other Backward communities and Scheduled castes and Scheduled Tribes under the Constitution. It is only because the constitutional minority status enables the minority community to give preferential educational and employment opportunities to the students of their community.

A. Benefit of Minority Status :
For the Individual

**1. Finance :** The National Minorities Development Finance Corporation ( NMDFC) 15 was set up the Goverment of provide a " special focus to economic development of minorities". The people belonging to five communities i.e. Muslims, Christians, Sikhs, Buddhists & Parsis have been notified as minorities under the National Commission for Minorities Act, 1992. The prime mandate of NMDFC has been to provide concessional finance to the minorities living below double the poverty line for self-employment.

Jains are notified as minority by the States (as mentioned in the table above) and hence are eligible for financial schemes announced by respective States they belong to.

**2. Scholar ship for Students :** The beneficiaries of the Pre and Post-Matriculation Scholarship announced under the New Prime Minister's 15-Point Plan are the 5 minority communities notified by National Commission for Minorities. Education is a State subject and therefore each state has its own schlorship schemes. You are requested to look up the website of the relevant State Commission for Minorities.

As an example, Jains in Maharashtra may lookup the following websites :

1. Scholarship for Minority Students for Pursuing Higher and Professional Studies : DTE I MDD
2. http://www.dte.org.in/scholarship/msmd/mcm_state_form.pdf

**3. Admission :** Students from the jain community stand a good chance of getting admission to a course of their choice if the coures is offered by a college run by a Jain Minority Trust. This is becase 50% of the seats in a minority institution are reserved for students of from the same minority community.

**4. Reimbbursement of Fees :** The State commission for Minorities, from time to time, announce training Programmes aimed at creating employable skills. All Jain students are advised to lookup the websites of their respective state commission for minorities for announcements. The fees for some of these programmes are reimbused.

## ગુજરાત ના ધાર્મીક સમાચાર

**કાર્તિકી પૂર્ણિમા એટલે આત્માઓની શક્તિના પ્રાદુર્ભાવ કરનાર ગુરૂ ભગવંતોનો ચાતુર્માસ પરિવર્તન દિન.**

કાર્તિકી પૂર્ણિમા એટલે પરમાત્માની આજ્ઞા પ્રમાણે ચાર મહિના એક સ્થાને સ્થિર રહી પરમાત્માની વાણીની મધુરા ગંજન દવારા અનેક આત્માઓની શક્તિઓ પાદુર્ભાવ કરનાર ગુરૂ ભગવંતોનો ચાતુર્માસ પરિવર્તન.

સાડા ત્રણ કરોડ શ્લોકોના રચયિતા કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજાનો પરમ પવિત્ર જન્મ દિવસ.

ચાર ચાર મહિના ચાતકની જેમ જેની પ્રતિક્ષા હતી તે ગિરિરાજની યાત્રાનો પ્રારંભ દિન તથા દ્રાવિડ અને વારિખિલ્લજીનો એક કરોડ મુનિ ભગવંતો સહિત આજ પરમ પવિત્ર સિધ્ધાચલજીની ભૂમિમાં નિર્વાણ પ્રાપ્તિ દિન સિધ્ધાચલ ગિરિ, આદીશ્વર દાદાને ભેટવાનો દિન.

આ ગિરિરાજ ઉપર શ્રી આદીનાથ પ્રભુ પૂર્વ નવ્વાણું વાર પધાર્યા હતા માટે સૈંકડો ભાવુકો આજથી નવ્વાણું યાત્રાનો પ્રારંભ કરે છે. ગુજરાતના મહારાજા સિધ્ધરાજ જયસિંહ હાથી ઉપર સુવર્ણાક્ષરે લખેલી પોથી મુકીને વિજય યાત્રા કાઢી હતી.

## અન્ય સમાચાર

### અખંડ ભારતના શીલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની મહાકાય ૧૮૨ મીટર વિશ્વમાં સૌથી ઉંચી પ્રતિમાનો શિલાન્યાસ સંપન્ન.

સરદાર વલ્લભભાઇ પટેલની ૧૩૮મી જન્મ જયંતિ અવસરે નર્મદા નદી ઉપરના સરદાર સરોવર ડેમ નજીક લોહ પુરૂષ સરદાર પટેલની વિશ્વની સૌથી ઉંચી. પ્રતિમા સ્ટેચ્યું ઓફ યુનીટના નિર્માણનો શિલાન્યાસ ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે તા. ૩૧ ઓકટોબર ૨૦૧૩ને કરવામાં આવ્યો.

પટેલ આઝાદ ભારતની એકતા અને અખંડિતા માટે લોખંડી મનોબળ અને રાજકીય કુનેહથી દેશના ૫૬૫ જેટલા દેશી રાજ્યો રજવાડાનું ભારતમાં વિલીકરણ કરવાનું ભગીરથ કર્યા ક્યું કતું.

### પાલનપુર સમાજ કેન્દ્ર મુંબઇની વિમેન્સ ફોરમનો આવકાર દાયક કાર્યક્રમ યોજાયો

છેલ્લા બાર વર્ષથી ડૉ. સત્યવતીબેન મહેતાના માર્ગદર્શન હેઠળ કમિટિના સભ્યોની મહેન્તથી ચાલુ વર્ષે મુંબઇ ખાતે કેથોલિક જીમખાનામાં ૨૦૧૩નું પ્રદર્શન મુખ્ય મહેમાન શ્રીમતી મંજુબેન લોઢા અને શ્રીમતી જ્યોત્સનાબેન મહેતાની ઉપસિથતિમાં તાજેતરમાં યોજાયું હતું.

આ પ્રદર્શનમાં કુલ ૬૦ સ્ટોલ્સ હતા. ફેન્સી તથા સેમી પ્રશીયસ જવેલરી, કલાત્મક રંગોળી, કવર્સ, પર્સ, ગેમ્સ, મિષ્ટાન, ચોકલેટ, ફરસાણ તથા ગરમ નાસ્તો તથા પાલનપુરની પ્રખ્યાત ચીજો પોન્ડીચેરી આશ્રમની અનેક ઉપયોગી સામગ્રી સુજોક ટ્રીટમેન્ટનો પણ સ્ટોલ હતો. બહેનોનો ઉદ્યમ પત્યનો ઉત્સાહ અનેરો હતો પ્રદર્શન જોવા અને જરૂરી ચીજ વસ્તુઓ ખરીદવા વિશાળ સંખ્યામાં ભાઇ બહેનો ઉમટયા હતા.

પાલનપુર સમાજ કેન્દ્રના ચેરમેન શ્રી અરૂણભાઇ આર. મહેતાના સહકારથી આ ભગીરથ કાર્યક્રમ સફળ થયો હતો.

## ગુરૂવાણી

### મુનિ શ્રી તરૂણસારજીનાં બોધ વચનો

### ઘડપણમાં સુખી થશો :-

બાળકોના પગ ચંચળ હોય છે. યુવાન વ્યક્તિનું રોમ રોમ ચંચળ હોય છે અને વૃદ્ધ વ્યક્તિની જીભ ચંચળ હોય છે. વૃદ્ધ વ્યક્તિએ તોલી-માપીને બોલવું જોઇએ. પોતાના દિકરા-વહુને વણમાગી સલાહ ન આપવી જોઇએ. વૃદ્ધ વ્યક્તિએ પોતાના મોંમાથી કાં તો આશીર્વાદના શબ્દ કાઢવા જોઇએ અથવા તો મૌન રહેવું જોઇએ. તમારા દિકરા-વહુ, પૌત્ર-પૌત્રી કંઇ પણ સારૂ કરે તો તેમને શાબાશી આપો. વારંવાર ટોક-ટોક ન કરો. કહો, ખૂબ સરસ બેટા ! તારી પાસેથી આવી અપેક્ષા હતી. હંમેશાં ખુશ રહો. વડીલો, જો તમે આવું કર્યું તો તમારૂ ઘડપણ સુખ-શાંતિથી વીતશે.

### દેવું કરીને ઘી ન પીવાય :-

આજે ઉધારની જિંદગીએ બધું જ નકામું બનાવી દીધું છે. કાલ સુધી જિંદગી મૌન થી ચાલતી હતી આજ લોન થી ચાલી રહી છે. માલ ઘરે લઇ આવો અને હપ્તા ચૂકવતા રહો.

ટીવી, ફ્રિજ, વોશિંગ મશીન, એસી, કાર, કમ્પ્યુટર, સેલ ફોન જેવાં સાધનોથી જોતા જોતામાં ઘર ભરાઇ જાય છે. પછી પૂછો હવે સુખ ભોગવી રહ્યાં છો ? તો કહેશો, નહીં તો ! હવે હપ્તા ચૂકવી રહ્યો છું. હપ્તા ચૂકવતાં એક દિવસ પોતે ચૂકવાઇ જાય છે. મારૂ માનો તો સૂકો રોટલો ખાઇ લેવો, બે કપડામાં જિંદગી જીવી લેવી પરંતું દેવું કરીને માન-મોભો ન દેખાડવો, નહીંતર મૂળ કરતા વ્યાજ વધી જશે.

### ગુરૂવાણી

પૃથ્વીની શોભા નગર છે, નગરની શોભા ઘર છે, ઘરની શોભા ધન છે, ધનની શોભા શરીર છે, શરીરની શોભા મુખ છે, અને મુખની શોભા બે આંખો છે, કારણ મોટા ભાગની જાણકારી આંખો દ્વારા મળી જાય છે. આંખ ઉપરથી મનુષ્યનું હૃદય પણ માપી શકાય છે.

### જૈન જગતના તેજસ્વી તારલા

૧) જગ પ્રસિધ્ધ દાનવીર શેઠ જગડુશાહ મૃત્યુ પામ્યા ત્યારે તેમના મરણના સમાચાર સાંભળી દિલ્હીના બાદશાહે તેમના માનમાં પોતાના મસ્તકેથી મુગટ ઉતાર્યો હતો અને સંઘપતિ એતો બે દિવસ સુધીનો અન્ન ત્યાગ કર્યો હતો (ધન્ય છે આવા કોહિનૂર હિરાને).

૨) જગડુશાહે ત્રિવર્ષી દુકાળમાં કુલ ૯,૯૯,૦૦૦ મુડા એટલે ૮,૦૬,૦૭૦૫૦૭૨ મણ (આઠ અબજ છ કરોડ સાત લાખ પાંચ હજાર બોતેર મણ) અનાજ દાન કર્યું હતું.

### ગુરૂવાણી

કોલેજોમાં અને સ્કૂલોમાં ડિગ્રીઓ લઇને વિદ્યાર્થીઓ સાક્ષરતો બની જાય છે. પરંતુ સંસ્કારો સાક્ષર બની ગયેલા તેઓ જોવા નથી મળતા કારણકે સંઘર્ષની તકલીફોની અને કષ્ટોથી તેઓને દૂર રાખવામાં આવી રહ્યા છે તેમને સંત ગુરૂ પાસેથી સંસ્કારો મળ્યા નથી સંસ્કાર મળવાથીજ વિદ્યાર્થીઓમાં પરિપકવતા કેળવાય છે.

From :
Shree Banaskantha Palanpur Jain Association
# 9B JVL Bungalow, 1st Floor, 25/4, Flowers Road,
Kilpauk, Chennai - 600010.

To,

સંસ્થામાં ચાલતા લોક કલ્યાણ અર્થે માનવસેવાના કાર્યો અનાજ વિતરણ, મેડીકલ રીલીફ, ગુપ્તદાન, ચશ્મા વિતરણ, હીયરીંગ એઇડ, મોતીયા(કેટરેકટ) ના ઓપરેશન, શિવણ શિક્ષણ, આર્ટીફીશીયલ લીમ્બ, સ્પોર્ટસ, વસ્ત્ર વિતરણ, ધાબળા વિતરણ, કોમ્પ્યુટર સેન્ટર, વૃધ્ધાશ્રમો, પ્રજ્ઞાચક્ષુ બહેનો હોસ્ટેલ, ડાયાલીસીસ સેવા, પ્રીતી ભોજન, વ્હીલચેર, સ્કૂલ શૈક્ષણિક સહાય, ફ્રી મેડીકલ સહાય, હેલ્થ ચેકઅપ, આઇ ચેકઅપ કેમ્પો, પેન્સીલ બોક્ષ, કંપાસ બોક્ષ, વર્લ્ડ એટલાસ, ડીકસનેરી, નિત્ય નારાયણ સેવા, મધ્યાન્હે ભોજન, આ સિવાય અન્ય ભગવાન મહાવીર માનવસેવાની એક ઝલક.



## SPONSORED BY :-


*With Best Compliments From :-*

**MARDIA ELECTRICAL INDUSTRIES**

**DEALERS OF :**
ALL TYPE OF NON FERROUS METALS
MAIN STOCKISTS OF : Quality Copper, Brass and P.B. Sheets

Suresh Genmalji Mardia - 98407 52005
Hardik Sureshji Mardia - 98400 95550

3/3, Singanna Naicken Street, Parrys,
Chennai - 600 001.
Ph. : 2522 4619 / 4216 4619
mei@mardia.in / www.mardia.in

*With Best Compliments From :-*

**Raajsan Watch Company**

Authorised Seller & Service Agent For :
Titan, Sonata, Citizen, Timex, Q&Q, Ajanta

Sandip Kumar Shah
98400 76252

**Raajsan Watch Company**
270, Puraswalkam High Road,
Puraswalkam,
Chennai - 600 007.
Ph. : 2642 2976 / 2643 1674

*With Best Compliments From :-*

**MAHESH AGENCIES**
**ABHAY ENGINEERING**

Sudesh Shah - 99400 26926
Fenil shah - 98202 35339
Denil shah - 98400 26926

6, Vennier Street,
Chennai - 600 001.
Ph. : (O) 044 - 2522 6926
Ph. : (R) 044 - 2661 8404

maheshagencies@hotmail.com


FOR PRIVATE CIRCULATION